# હેતુલક્ષી પ્રશ્નો –

# History – I - 111

# ટૂંકા પ્રશ્નો

# Prof. V.B.Patel

1. એક-બે વાક્યોમાં જવાબ આપો

(૧) પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણવા પુરાતત્વિય સાધનો જણાવો ?

- અભિલેખો, સિક્કાઓ, સ્તૂપો, વિહારો અને ગુફાઓ

(૨) સમ્રાટ અશોકના પુત્રનું નામ જણાવો.

પુત્ર મહેન્દ્ર - પુત્રી સંઘમિત્રા

(૩) સંગમ સાહિત્ય એટલે શું ?

- ‘સંગમ’ શબ્દ સંસ્કૃત ભાષાનો છે, જેનો અર્થ ‘પરિષદ’ અથવા ‘ગોષ્ઠિ’ થાય છે.

- તમિલ સંગમનું તાત્પર્ય એવી પરિષદો કે જ્ઞાનગોષ્ઠિઓ છે, જેમાં તમિલ કવિઓ અને વિદ્વાનો એકત્ર થઇ વિવિધ વિષયો પર વિચારોનું આદાનપ્રદાન કરતા હતા.

(૪) ભારતનાં ચાર મહાજનપદોનાં નામ જણાવો.

- વત્સ, અવંતિ, કોશલ અને મગધ

(૫) કનિષ્ક-બીજાએ બૌદ્ધ ધર્મના પ્રચાર માટે શું કર્યું ?

-

(૬) ગુપ્તવંશના બે રાજાઓનાં નામ આપો.

- સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત ૧લો, ચંદ્રગુપ્ત બીજો

(૭) **કૌટિલ્યે કેટલા પ્રકારનાં લગ્નોનું વર્ણન કર્યું છે ?**

- **કૌટિલ્યે આઠ પ્રકારનાં લગ્નોનું વર્ણન કર્યું છે.**

**(૮)** સિકંદરની સાથે આવેલા લેખકોના નામ જણાવો ?

- સિકંદરની સાથે આવેલા નિઆકર્સ, એરિસ્ટોબ્યુલસ, ઓનેસિક્રિટ્સ, ક્લાઇટાકેસ, યૂમેનસ, ક્લેસ્થનીસ, ડાયોગ્નેટ્સ, કિસિલસ, પાલીક્લાઇસ, વગેરે વિદ્વાન લેખકો

(૯) **સિરિયાના સેલ્યુકસના ગ્રીક પ્રતિનિધિ તરીકે સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં કોણ આવ્યુ હતુ ? તેના પુસ્તકનું નામ જણાવો ?**

-   સિરિયાના સેલ્યુકસના ગ્રીક પ્રતિનિધિ તરીકે સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવેલા મેગસ્થનીસ (ઇ.સ.પૂ. ૩૦૨ થી ૨૯૯ સુધી રહેલો) ‘ઇન્ડિકા’

(૧૦) ‘સંગમ’ શબ્દનો અર્થ જણાવો ?

-   ‘સંગમ’ શબ્દ સંસ્કૃત ભાષાનો છે, જેનો અર્થ ‘પરિષદ’ અથવા ‘ગોષ્ઠિ’ થાય છે.

(૧૧) પ્રો.શ્રીનિવાસ આયંગરના સ્વીકૃત મત મુજબ સંગમ સાહિત્યનો રચનાકાળ કયો ગણાય છે ?

-   પ્રો.શ્રીનિવાસ આયંગરના સ્વીકૃત મત મુજબ સંગમ સાહિત્યનો રચનાકાળ ઇ.સ.પૂ.૫૦૦ થી ઇ.સ.૫૦૦ વચ્ચેનો ગણાય છે.

(૧૨) પહેલું સંગમ ક્યાં યોજાયું તેના અધ્યક્ષ કોણ હતા ?

-   પાંડ્ય રાજ્યોના અમલ દરમિયાન હાલમાં સમુદ્રમાં ડૂબી ગયેલા મદુરાઇ નામના સ્થળે અગસ્ત્ય ઋષિના અધ્યક્ષપદે યોજાયો હતો.

(૧૩) પહેલા સંગમના પ્રમુખ કાવ્યાચાર્યોના નામ જણાવો ?

- પહેલા સંગમના પ્રમુખ કાવ્યાચાર્યોમાં કુન્નમેરિન્દ, મુરુગવલ, મુદિનાગરાયર, વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

(૧૪) પહેલા સંગમમાં રચાયેલી કાવ્યકૃતિઓના નામ જણાવો ?

- ‘અગત્તિયમ’, ‘પરિપડાલ’, મુદુનારાઇ’, મુદુકુરુકુ’, ‘કલરિયાવિરાઇ’ વગેરે મહત્વપૂર્ણ કાવ્ય કૃતિઓની રચના થઇ હતી.

(૧૫) બીજો સંગમ ક્યાં યોજાયું તેના અધ્યક્ષ કોણ હતા ?

- ‘કપાતપુરમ’ અથવા ‘અલવાઇ’ નગરમાં (હાલ સમુદ્રમાં ડૂબી ગયેલ) અગસ્ત્ય અને તોલ્કાપ્પિયરના અધ્યક્ષપદે અનુક્રમે યોજાયો હતો.

(૧૬) અગસ્ત્ય મુનિના પટ્ટશિષ્ય કોણ હતા ?

- અગસ્ત્ય મુનિના પટ્ટશિષ્ય તોલ્કાપ્પિયર હતા.

(૧૭) ત્રીજો સંગમ ક્યાં યોજાયું તેના અધ્યક્ષ કોણ હતા ?

- હાલના ઐતિહાસિક નગર મદુરાઇમાં બ્રાહ્મણ કવિ નક્કીરરના અધ્યક્ષપદે યોજાયો હતો.

(૧૮) ત્રીજા સંગમમાં કઇ કૃતિઓની રચના થઇ હતી ?

- તેમાં ‘નેદુનયોકાઇ’, ‘કુરૂનથોકોઇ’, ‘નત્રિનાઇ’, ‘અનિકુરુગુરુ’, ‘નૂત્રૈમ્બ’, ‘પરિપાદલ’, ‘કુત્થુ’, ‘પરિસાઇ’, ‘સિત્રૈસાઇ’, તેમજ ‘ઇતિત્તોગાઇ’ (આઠ કાવ્યસંગ્રહ) ‘પિતુપ્પાઇ’ (દશ પ્રકૃત્તિ વર્ણનો) અને ‘પદીનેન-કીલ્કનક્કૂ’ (૧૮ ઉપદેશાત્મક કાવ્યોનો સંગ્રહ), વગેરે મુખ્ય કૃતિઓની રચના થઇ.

(૧૯) કયા કાવ્યને દક્ષિણ ભારતના રામાયણ અને મહાભારત કહેવાય છે?

- ‘સિલપ્પદિકારમ’ અને ‘મણિ-મેખલાઇ’ એ દક્ષિણ ભારતના રામાયણ અને મહાભારત કહેવાય છે.

(૨૦) મૌર્ય વંશના રાજાઓએ મગધ (રાજધાની પાટલીપુત્ર) પર ક્યાં સુધી શાસન કર્યું ?

મૌર્ય વંશના રાજાઓએ મગધ (રાજધાની પાટલીપુત્ર) પર ઇ.સ.પૂ.૩૨૧ થી ઇ.સ.પૂ. ૧૮૪ સુધી શાસન કર્યું.

(૨૧) મૌર્ય વંશની સ્થાપના કોણે કરી ?

ચંદ્રગુપ્ત મૌર્ય

**(૨૨)** કૌટિલ્યે કયા ગ્રંથની રચના કરી ?તેમાં કેટલા પ્રકારના તીર્થો (ખાતાંઓ)નો ઉલ્લેખ કર્યો છે ?

કૌટિલ્યે તેના 'અર્થશાસ્ત્ર'માં અઢાર તેર્થો (ખાતાંઓ)નો ઉલ્લેખ કર્યો છે.

**(૨૩)** કૌટિલ્ય કેટલા પ્રકારની અદાલતોનો નિર્દેશ કરે છે. આ બંને અદાલતોના મુખ્ય ન્યાયાધીશો કયા નામે ઓળખાતા ?

કૌટિલ્ય બે પ્રકારની (૧) ધર્મસ્થીય (દીવાની) અને (૨) કંટક શોધન (ફોજદારી) અદાલતોનો નિર્દેશ કરે છે. આ બંને અદાલતોના મુખ્ય ન્યાયાધીશો અનુક્રમે 'વ્યાવહારિક' અને 'પ્રદેષ્ટા' તરીકે ઓળખાતા.

(૨૪) ધર્મસ્થીય (દીવાની) અદાલતોમાં કયા પ્રકારના દાવાઓનો નિકાલ કરવામાં આવતો. ?

ધર્મસ્થીય અદાલતોમાં કરાર, બક્ષિસ, લગ્ન, મિલકત, વારસો, જમીન-જાગીરો, ધાર્મિક ઝગડાઓ, વગેરેને લગતા દાવાઓનો નિકાલ કરવામાં આવતો.

(૨૫) કંટક શોધન અદાલતોમાં કયા પ્રકારના અપરાધો તપાસ અર્થે રજૂ કરવામાં આવતા ?

કંટક શોધન અદાલતોમાં ચોરી, લૂંટ, ખૂન, ધાડ, વ્યભિચાર, વિદ્રોહ, રાજ્યદ્રોહ, વગેરેને લગતા અપરાધો તપાસ અર્થે રજૂ કરવામાં આવતા.

(૨૬) કૌટિલ્યે તેના ‘અર્થશાસ્ત્ર’માં કેટલા પ્રકારની યાતનાઓનો ઉલ્લેખ કર્યો છે ?

કૌટિલ્યે તેના ‘અર્થશાસ્ત્ર’માં ૧૮ પ્રકારની યાતનાઓનો ઉલ્લેખ કર્યો છે.

(૨૭) કૌટિલ્યે તેના ‘અર્થશાસ્ત્ર’માં દૂતના કેટલા પ્રકારોનો ઉલ્લેખ કર્યો છે ? કયા કયા ?

કૌટિલ્યે તેના ‘અર્થશાસ્ત્ર’માં દૂતના ત્રણ પ્રકારોનો ઉલ્લેખ કર્યો છે. (૧) સંપૂર્ણ અધિકાર ધરાવતો દૂત ‘નોશ્રિષ્ટાર્થ’, (૨) મર્યાદિત અધિકાર ભોગવતો દૂત ‘પરિમિતાર્થ’ અને (3) સંદેશની આપલે કરનાર દૂત ‘શાસનહાર’

(૨૮) મૌર્ય સામ્રાજ્યની પરદેશનીતિ ત્રણ પ્રકારના હેતુ પાર પાડવા માટે અમલમાં મૂકાતી એ હેતુઓ જણાવો ?

મૌર્ય સામ્રાજ્યની પરદેશનીતિ ત્રણ પ્રકારના હેતુ પાર પાડવા માટે અમલમાં મૂકાતી. (૧) વિજય કે જીત મારફત સામ્રાજ્ય સાથે જોડી દેવામાં આવતા પ્રદેશને લગતી પરદેશનીતિ 'લોભ વિજય' કહેવાતી. (૨) પરદેશ સાથેના સંબંધમાંથી આર્થિક લાભ પ્રાપ્ત કરવાના હેતુથી અમલમાં મૂકાતી પરદેશનીતિ 'અર્થ વિજય' તરીકે ઓળખાતી અને (૩) ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે પરદેશમાં મોકલેલા રાજદૂતોની નીતિ 'ધર્મ વિજય' તરીકે ઓળખાતી.

(૨૯) મૌર્ય સામ્રાજ્યમાં પ્રધાનની કામગીરી જણાવો ?

રાજ્યના દરેક અગત્યના વિષયો પર રાજાને સલાહ આપતો.

(૩૦) મૌર્ય સામ્રાજ્યમાં સેનાપતિની કામગીરી જણાવો ?

સેનાનું સંગઠન અને યુદ્ધ વગેરેની વ્યવસ્થા કરતો

(૩૧) મૌર્ય સામ્રાજ્યના મુખ્ય પ્રાંતો અને રાજધાની જણાવો ?

મુખ્ય પ્રાંતો તરીકે..

(૧) ઉત્તરાપથ (રાજધાની તક્ષશિલા),

(૨) કલિંગ (રા. તોસલી),

(૩) અવન્તી રાષ્ટ્ર (રા. ઉજ્જેન),

(૪) દક્ષિણાપથ (રા. સુવર્ણગિરિ),

(૫) સૌરાષ્ટ્ર (રા. ગિરિનગર) અને

(૬) પ્રાચ્ય પ્રદેશ (રા. પાટલીપુત્ર).

(૩૨) મોર્ય વંશનો છેલ્લો રાજા કોણ હતો ?

છેલ્લા મૌર્ય રાજા બૃહદ્રથન હતો.

(૩૩) શુંગવંશની સ્થાપના કોણે કરી ?

પુષ્પમિત્ર શુંગે

(૩૪) બ્રાહ્મણધર્મનો ઉદ્ધારક કોને માનવામાં આવે છે ?

પુષ્પમિત્ર શુંગને બ્રાહ્મણધર્મનો ઉદ્ધારક માનવામાં આવે છે.

(૩૫) 'આદિવરાહ મંદિર'નું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

પલ્લવ નરેશ સિંહવિષ્ણુ ‘વૈષ્ણવધર્મી’ હતો. તેણે મામલ્લપુરનું ‘આદિવરાહ મંદિર’નું નિર્માણ કરાવ્યું હતું.

(૩૬) પલ્લવનરેશ નરસિંહવર્મન પહેલાના સમયમાં ચીનના કયા બૌદ્ધધર્મી યાત્રીએ રાજધાની કાંચીની મુલાકાત લીધી હતી ?

પલ્લવનરેશ નરસિંહવર્મન પહેલાના સમયમાં ચીનના બૌદ્ધધર્મી યાત્રી હ્યુ-એન-ત્સંગે રાજધાની કાંચીની મુલાકાત લીધી હતી.

(૩૭) પલ્લવનરેશ મહેન્દ્રવર્મન પહેલાએ કઇ નાટિકાની રચના કરી હતી ?

પલ્લવનરેશ મહેન્દ્રવર્મન પહેલો ઉચ્ચકોટિનો સાહિત્યકાર હતો. તેણે ‘મત્તવિલાસ પ્રહસન’ નામની સામાજિક પ્રહસન નાટિકાની રચના કરી હતી.

(૩૮) પલ્લવોના સમયમાં રાજભાષા કઇ હતી ?

સંસ્કૃત

(૩૯) મહાકાવ્ય ‘કિરાતાર્જુનીયમ’ની રચના કોણે કરી ?

મહાકવિ ભારવિ

(૪૦) સમુદ્રગુપ્તના મંત્રીમંડળના મુખ્ય ચાર મંત્રીઓના નામ આપો ?

સમુદ્રગુપ્તના મંત્રીમંડળના મુખ્ય ચાર મંત્રીઓનો ઉલ્લેખ આવે છે.

(૧) સંધિવિગ્રહક – વિદેશખાતાનો મંત્રી,

(૨) મહાદંડનાયક – ન્યાયખાતાનો મંત્રી.

(૩) કુમારામાત્ય – રાજકુમારોને માર્ગદર્શન અને તાલીમ આપનાર મંત્રી

(૪) ખાદ્યાતપાક – શાહી રસોડા ખાતાનો મંત્રી

(૪૧) સંગીતકલામાં દેવતાઓના ગુરુ કોણ હતા ?

સંગીતકલામાં દેવતાઓના ગુરુ તુમ્બુર અને નારદ

(૪૨) ચંદ્રગુપ્ત-બીજો ઇતિહાસમાં બીજા કયા નામથી પ્રસિદ્ધ છે ?

ચંદ્રગુપ્ત-બીજો ઇતિહાસમાં ‘વિક્રમાદિત્ય’ (વિક્રમ + આદિત્ય એટલે સૂર્યની જેમ પ્રતાપી, પરાક્રમી) નામથી પ્રસિદ્ધ છે.

(૪૩) સિંધુ નદીની સાત સહાયક નદીઓ જણાવો ?

સિંધુ નદીની સાત સહાયક નદીઓ -યમુના, સતલજ, બિયાસ, રાવી, ચિનાબ, જેલમ અને સિંધુ.

(૪૪) ચંદ્રગુપ્ત-બીજાના નવ સાહિત્યરત્નોના નામ જણાવો ?

તેના દરબારમાં કાલિદાસ, ધન્વંતરી, ક્ષણપક, અમરસિંહ, શંકુ, વૈતાલભટ્ટ, ઘટર્બપર, વરાહમિહિર, વરુરુચિ જેવા ઉચ્ચ કોટિના નવ સાહિત્યરત્નોથી શોભતો હતો.

(૪૫) ચંદ્રગુપ્ત-બીજાના દરબારમાં આવેલ ચીની મુસાફર કોણ હતો તેના અહેવાલને કયા નામે ઓળખવામાં આવે છે ?

ચીની મુસાફર ફા-હિયાન  જેણે ‘ફો-ક્યો-ક્યુ’ નામે મુસાફરી-અહેવાલ તૈયાર કર્યો હતો.

(૪૬) ‘પંચતંત્ર’ની રચના કોણે કરી ?

વિષ્ણુ શર્મા

(૪૭) ગુપ્ત યુગમાં રચાયેલ સ્મૃતિ ગ્રંથોના નામ જણાવો ?

ગુપ્ત યુગમાં રચાયેલ સ્મૃતિ ગ્રંથો - યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, પરાશર સ્મૃતિ, નારદ સ્મૃતિ, બૃહસ્પતિ સ્મૃતિ, કાત્યાયન સ્મૃતિ.

(૪૮) ગુપ્ત રાજાઓ પોતાને કયા બિરુદોથી નવાજતા ?

ગુપ્ત રાજાઓ પોતાને ‘મહારાજાધિરાજ’, ‘પરમેશ્વર’, ‘પરમ ભાગવત’, ‘પરમદેવત’, ‘ચક્રવર્તી’, ‘એકાધિરાજ’, ‘સમ્રાટ’, ‘રાજાધિરાજ’, ‘પૃથ્વીપાલ’ વગેરે બિરુદો દ્વારા વિભૂષિત કરતા.

(૪૯) મહાકવિ કાલિદાસના નાટકોના નામ જણાવો ?

‘અભિજ્ઞાન શાકુંતલ’, ‘વિક્રમોવર્શીયમ’ અને ‘માલવિકાગ્નિમિત્ર’  નાટકો

(૫૦) મહાકવિ કાલિદાસના મહાકાવ્યોના નામ જણાવો ?

‘રઘુવંશ’ અને ‘કુમારસંભવ’

(૫૧) મહાકવિ કાલિદાસના ખંડકાવ્યોના નામ જણાવો ?

‘મેઘદૂત’, ‘ઋતુસંહાર’

(૫૨) ‘સ્વપ્નવાસવદત્ત’નાટકની રચના કોણે કરી ?

ભાસે

(૫૩) વિશાખદત્તના બે નાટકોના નામ જણાવો ?

વિશાખદત્તના 'મુદ્રારાક્ષસ' અને 'દેવી ચંદ્રગુપ્તમ' નાટકો છે.

(૫૪) આર્યભટ્ટ કોણ હતો ?

ગુપ્તયુગ દરમિયાનનો મહાન ખગોળશાસ્ત્રી નક્ષત્ર-વૈજ્ઞાનિક ગણિતશાસ્ત્રી હતો.

(૫૫) વરાહમિહિરના ખગોળશાસ્ત્ર ઉપરના ગ્રંથોના નામ જણાવો ?

વરાહમિહિરે ખગોળશાસ્ત્ર પર (૧) લઘુજાતક, (૨) બૃહત્જાતક, (૩) બૃહત્સંહિતા, (૪) વિવાહ પટલ, (૫) યોગમાયા અને (૬) પંચ સિદ્ધાંતિકા એમ છ ગ્રંથો લખ્યા.

(૫૬) ચંદ્રગુપ્ત બીજો કોનો પુત્ર હતો ?

સમુદ્રગુપ્ત

(૫૭) ચંદ્રગુપ્તને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ? તેના માતા-પિતાનું નામ જણાવો ?

વિક્રમાદિત્યના નામે તેના પિતા સમુદ્રગુપ્ત અને માતા દત્તાદેવી

(૫૮) ‘ગણારિ’ એટલે શું ?

ચંદ્રગુપ્ત બીજાએ ગણરાજ્યો ઉપર વિજય મેળવ્યો એટલે કે ‘ગણારિ –ગણ + અરિ = ગણોનો દુશ્મન કહેવામાં આવે છે.

(૫૯) હર્ષવર્ધનના મોટાભાઇ અને બહેનનું નામ જણાવો ?

તેનો મોટોભાઇ રાજ્યવર્ધન અને બેન રાજ્યશ્રી હતાં.

(૬૦) “થોડા દિવસોમાં પૃથ્વી નિર્ગોડ ન કરું તો હું આ પાપી શરીરને પતંગિયાની જેમ અગ્નિમાં જલાવી દઇશ.” –આ પ્રતિજ્ઞા કોણે લીધી ?

હર્ષવર્ધન

2. (અ) યોગ્ય જોડકાં જોડો :

| | |
|---|---|
| (૧) સમ્રાટ અશોક | (૧) મહાજન પદ |
| (૨) પુષ્યમિત્ર શુંગ | (૨) રાજશ્રી |
| (3) ચંદ્રગુપ્ત-બીજો | (3) બૌદ્ધધર્મ |
| (૪) હર્ષવર્ધનની બહેન | (૪) વિક્રમાદિત્ય |
| (૫) પાંચાલ | (૫) ગ્રીક ઇતિહાસકાર |
| (૬) હેરોડોટસ | (૬) ગણરાજ્ય |

(૭) લિચ્છવી (૭) બ્રાહ્મણધર્મ

જવાબ : (૧-૩),(૨-૭),(૩-૪),(૪-૨),(૫-૧),(૬-૫),(૭-૬)

(બ) જોડકાં જોડો

(૧) શાહી મહેલ ખાતુ (૧) દૌવારિક

(૨) લશ્કરી ખાતુ (૨) સેનાની

(૩) મહેસૂલ-નાણાં ખાતુ (૩) સમાહર્તા

(૪) વ્યાપાર અને ઉદ્યોગ ખાતુ (૪) પણ્યાધ્યક્ષ

(૫) શુલ્કાધ્યક્ષ (૫) જકાતખાતાનો અધિકારી

(૬) સંસ્થાધ્યક્ષ (૬) વેપારી માર્ગોના નિરીક્ષક

(૭) સીમાપાલ (૭) સરહદોનો નિરીક્ષક

(૮) સૂત્રાધ્યક્ષ (૮) વણાટનો અધિકારી

(૯) સુરાધ્યક્ષ (૯) શરાબના વ્યાપારનો નિરીક્ષક

(૧૦) સૂનાધ્યક્ષ (૧૦) કતકખાનાનો અધિકારી

(૧૧)પૌતવાધ્યક્ષ (૧૧) સરકારી તોલમાપના સાધનો પર દેખરેખ રાખનાર અધિકારી

(૧૨) ન્યાય ખાતુ (૧૨) પ્રદેશત્રી

(૧૩) પરદેશ ખાતુ (૧૩) પ્રશસત્રી (વિદેશમંત્રી)

(૧૪)

3. એક વાક્યમાં જવાબ આપો :

(૧) બિંદુસારના પુત્રનું નામ શું હતું ?

(૨) “ઇન્ડીકા”- ગ્રંથ કોણે લખ્યો હતો ?

(૩) કોઇપણ બે ચીની મુસાફરોનાં નામ જણાવો.

(૪) કનિષ્ક-બીજો કયા વંશનો હતો ?

(૫) ભારતનાં બે ગણરાજ્યોનાં નામ જણાવો.

(૬) ગુપ્તવંશની સ્થાપના કોણે કરી ?

(૭) કલિંગનું યુદ્ધ કોની-કોની વચ્ચે થયું ?